# સુખ અને દુઃખ મનુષ્યની સમજ - ગેરસમજ પર આધારિત છે

ઋષિવાણી

નરેશ ભટ્ટ

ઈશ્વર નિર્મિત આ વિશ્વમાં રોજરોજ કશુંક બનતું જ રહે છે. મનુષ્યને તે જો અનુકૂળ હોય તો પ્રભુએ અમારે માટે આ ભેટ ધરી છે એમ કહેશે. એ જો પ્રતિકૂળ હશે તો તે પ્રભુની ઈચ્છા જ નથી તેથી માણસ શું કરી

> હું કર્તા નથી પરંતુ પ્રભુ જ કર્તાહર્તા છે તેથી તેઓ જે આપે તેનો પ્રેમથી સ્વીકાર કરવો એ જ મનુષ્યનો ધર્મ છે. આ સમજમાં જ 'હર ક્ષણે પ્રભુને શરણે રહેવું' એ આવી જાય છે

શકે? વિશ્વમાં મનુષ્યોને અનુકૂળ અને ફાયદો થાય તેવું જો થયું તો મનુષ્ય મનથી આનંદ અનુભવે છે. માણસ મનથી સુખને શોધે છે. તેથી પ્રત્યેકના જીવનમાં આવી ગમતીઅણગમતી ઘટનાઓ બન્યા જ કરે છે.

પ્રભુ નિર્મિત આ સૃષ્ટિમાં મનુષ્યને અનુકૂળ કે પ્રતિકૂળ બનતું જ રહે છે. પોતાને પ્રતિકૂળ ઘટના બને તે સમયે બહુ ઓછા લોકો મનને સ્વસ્થ રાખી શકે છે. બધાંને જ અનુકૂળ તો રોજરોજ કંઈ બનતું પણ નથી પરંતુ પ્રતિકૂળ સંજોગોમાં પણ જેઓ મનને શાંત રાખી, પ્રભુની જે ઈચ્છા તેવું માની મનને શાંત રાખી શકે છે. તેઓ આવા પ્રસંગે મનથી વિચારે કે અત્યાર સુધી તો અમે સૌ આનંદથી જીવન વ્યતીત કરી શકયા પરંતુ પ્રભુની જેવી ઈચ્છા. તે જ પ્રમાણે આપણે અનુકૂળ થવાનું જ છે. આ સમજ જ માણસને સુખનાં દ્વાર સુધી લઈ જઈ શકે છે. ઋષિકક્ષાનો માણસ જ સુખી અને દુઃખને પ્રેમથી સ્વીકારી લે છે. આવા મનુષ્ય પર પ્રભુની કૃપા ઊતરી છે એમ સમજવું. સુખ અને દુઃખ મનુષ્યની સમજ - ગેરસમજ પર આધારે છે.



હું કર્તા નથી પરંતુ પ્રભુ જ કર્તાહર્તા છે તેથી તેઓ જે આપે તેનો પ્રેમથી સ્વીકાર કરવો એ જ મનુષ્યનો ધર્મ છે. આ સમજમાં જ 'હર ક્ષણે પ્રભુને શરણે રહેવું' એ આવી જાય છે.

કેટલાય એવા પણ જોવા મળશે કે પ્રભુએ તેમને બધું આપ્યું છે છતાં હજુ મને આની જરૂર છે એવું ક્ષણે ક્ષણે ક્ષણે મનથી ઘૂંટતા રહે છે. આવા લોકો પાસે બધું આવી જાય તે છતાં તેઓ મનથી તો દુઃખના અગ્નિમાં જ શેકાતા રહે છે.

બહુ ઓછા આવા જોવા મળે છે કે, પ્રભુએ મારી લાયકાતથી મને વધુ આપ્યું છે તેથી હું પ્રભુનો આભારી છું એવું માનતા હોય. ઈશ્વરે સૌને હવાપાણી, પ્રકાશ બધાંની વહેંચણી કરેલી છે. હા, કોઈને થોડું વધારે તો કોઈને થોડું ઓછું હોય શકે છે પરંતુ જે મળ્યું તે પ્રભુની કૃપાનું જ ફળ છે એવું માનીને આનંદથી જીવન વ્યતીત કરનારા સદાનું સુખ જોઈને જ જીવન પસાર કરે છે.

# સમયનો સદ્‌ઉપયોગ

અજવાળાં

દુર્ગેશ ઉપાધ્યાય

પુરુષાર્થી માણસને સમય બગાડવો ગમતું નથી અને જે કાર્યરત રહે છે એ વધુ સારું જીવે છે. સમયની વ્યવસ્થા પણ એક મહત્ત્વની બાબત છે. આપણે જીવનનો ઘણો સમય વ્યર્થ, ન કરવાનાં કામ પાછળ બગાડી નાખીએ છીએ અને પછી કહીએ છીએ, ભાઈ સમય જ કયાં છે? આ વાત ખોટી છે. સમય દરેક પાસે હોય જ છે. માત્ર તેને જાળવીને વ્યવસ્થિત વાપરવો પડે. ઘણા પૈસા વાપરવામાં કાળજી રાખે છે એટલી કાળજી સમય વાપરવામાં રાખતા નથી. સમયનો સદઉપયોગ કરે છે એ

> આપણે જીવનનો ઘણો સમય વ્યર્થ, ન કરવાનાં કામ પાછળ બગાડી નાખીએ છીએ અને પછી કહીએ છીએ, ભાઈ સમય જ કયાં છે? આ વાત ખોટી છે. સમય દરેક પાસે હોય જ છે. માત્ર તેને જાળવીને વ્યવસ્થિત વાપરવો પડે. ઘણા પૈસા વાપરવામાં કાળજી રાખે છે એટલી કાળજી સમય વાપરવામાં રાખતા નથી. સમયનો સદઉપયોગ કરે છે એ જ સફળતા પામે છે



જ સફળતા પામે છે. આ વાત જીવનમાં ઉતારનાર અમેરિકાની એક વ્યક્તિ જેનું નામ સ્મિથ હતું. તે જયારે કામ પર જતો ત્યારે ઘરથી થોડે દૂર બસ સ્ટેન્ડ પર જઈ બસ પકડવા બેસવું પડતું હતું. રોજ 10-15 મિનિટ એ બસની રાહ જોતો આ બસસ્ટેન્ડ પર બેસી રહેતો. થોડો સમય પછી એને થયું આમ કામ વગર અહીં બેસી રહેવું સારું નહીં. એને એ થોડી મિનિટો વ્યર્થ જતી લાગતી એટલે એ બસસ્ટેન્ડ પાસે ખાલી પડેલી થોડી જગ્યામાં એણે સાફસફાઈ કરી, ત્યાં થોડું ખોદકામ કરી ફૂલ-છોડ લાવી વાવવાનું શરૂ કર્યું. એમ કરતાં થોડા દિવસોમાં ત્યાં સરસ બગીચો આકાર લેવા માંડયો. નજીકના એક જાહેર નળમાંથી બોટલો દ્વારા પાણી લાવી એ ફૂલછોડને રોજ પાણી પાતો. ત્યાં બેસતાં લોકો પણ બગીચો જોઈ ખુશ થવા માંડયા. આ બગીચો જોઈ કોર્પોરેશન દ્વારા ત્યાં પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરાઈ. બગીચાનાં વૃક્ષો મોટાં થતાં ફળ પણ આવવાં લાગ્યાં.

કોર્પોરેશને આ બગીચાનું નામ સ્મિથ પાર્ક રાખ્યું. આમ એક માણસની મહેનત અને સૂઝ-સમજ તથા સમયના સદ્‌ઉપયોગે એક મઘમઘતો બગીચો બનાવી દીધો.

આજે પર્યાવરણની અસમતુલા પ્રસરી રહી છે ત્યારે આવું કોઈ કાર્ય થાય તો તે જરૂરી અને સરાહનીય છે. વૃક્ષો બચશે તો જ જીવન બચશે એમ સમજવું ખૂબ જરૂરી છે.



## સપ્તાહનાં વ્રત-તહેવારો તા. ૩ થી ૯ જૂન ૨૦૨૪

### તા. 3 સોમવાર

વૈશાખ વદ બારસ : ભાગવત - અપરા એકાદશી- (કાકડી)

### તા. ૪ મંગળવાર

વૈશાખ વદ તેરસ : ભોમ પ્રદોષ, અમાવાસ્યા વટસાવિત્રી વ્રત પ્રારંભ, શિવરાત્રી વ્રત-પ્રારંભ

### તા. ૫ બુધવાર

વૈશાખ વદ ચૌદશ : સાંજે 9.48 પછી અમાસ, વિશ્વ પર્યાવરણ દિન, કાલિકા પૂજા

### તા. ૬ ગુરુવાર

વૈશાખ વદ અમાસ: દર્શ, ભાવુકા અમાસ, શનૈશ્ચર જયંતી, વટસાવિત્રી-અમાસ વ્રત

### તા. ૭ શુક્રવાર,

જેઠ સુદ એકમ : ચંદ્રદર્શન, કરવીરવ્રત, ગંગા દશહરા પ્રારંભ

### તા. ૮ જૂન શનિવાર,

જેઠ સુદ બીજ : રંભા તૃતિયા વ્રત

### તા. ૯ જૂન રવિવાર,

જેઠ સુદ ત્રીજ : મહારાણા પ્રતાપ જયંતી, છત્રલાલ જયંતી, હલદીઘાટી મેળો-રાજસ્થાન

## સુવિચાર

''જો કોઇ છોડમાં ફૂલો ખીલે છે, તો ભમરા પોતે જ તેના પર આવે છે. એવી જ રીતે ચારિત્ર્યવાન બનીને લોકો સ્વયં પર મુગ્ધ બની જાય છે.''

અર્થ : તમામ પ્રકારના ફૂલો ખૂબ જ સુંદર, સુગંધિત અને આકર્ષક હોય છે, તેઓ તેમની સુંદરતાથી દરેકના મનને મોહી લેવાની ક્ષમતા ધરાવે છે. એ જ રીતે, આપણે આપણા સારા કાર્યો દ્વારા આપણા ચારિત્ર્ય અને વ્યક્તિત્વને આકર્ષક બનાવવાનું છે, જેથી અન્ય લોકો આપણી ક્ષમતાને ઓળખી શકે અને આપણા જેવા બનવાનો પ્રયાસ કરે.